# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૧ | મે-જૂન- ૨૦૦૮ (માસિક અંક) * વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- * છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૬-૭

* તંત્રીશ્રી :
પ્રિ. ડૉ. વિમલ જોષી

* સહ તંત્રીશ્રી :
શ્રી સુમનભાઈ એમ. પરીખ (ગ્રંથપાલ)
પ્રા. વિજયભાઈ પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા

* વિદ્યાર્થી સંપાદકો :
ફરહાનબાનુ દિવાન
પ્રતિક્ષા પ્રજાપતિ
હાર્દિક દવે
દિપેશ ડાભી
કૃતિકા પટેલ
વિનુભાઈ જોષી
રવિ જોષી
સુરેશ સોલંકી
પરમાર લક્ષ્મીબેન

* પ્રકાશક :
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Website :
www.petladcollege.com

### તંત્રીશ્રીની કલમે....

## પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ટૂંકા સમયના અભ્યાસક્રમોની માહિતી

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ, છેલ્લા કેટલાય વર્ષોથી શિક્ષણક્ષેત્રે વિવિધ અભ્યાસક્રમો દ્વારા આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણ પુરુ પાડી રહ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા કોલેજકક્ષાના ઉચ્ચ શિક્ષણને લગતા અભ્યાસક્રમો હાથ ધરી શિક્ષણક્ષેત્રે અનેરી સિદ્ધીઓ હાંસલ કરી છે. છેલ્લા પાંચ સાત વર્ષથી આ ટ્રસ્ટ દ્વારા વેકેશન સમય દરમ્યાન ટૂંકાગાળાના કેટલાક અભ્યાસક્રમોનું શિક્ષણ આપી વિદ્યાર્થીઓના ફાજલ સમયનો સદુઉપયોગ કરાવી વ્યવસાયિક શિક્ષણ આપી વિદ્યાર્થીઓ પોતે ટૂંકા સમયનું શિક્ષણ પ્રાપ્ત કરી પોતે આર્થિક ઉપાર્જન પ્રાપ્ત કરી શકે તે માટે આ ટ્રસ્ટ પ્લેસમેન્ટ દ્વારા વિવિધ અભ્યાસક્રમોનું આયોજન કરે છે. જેમાં બ્યૂટી પાર્લર, મહેંદી, મોબાઈલ રીપેરીંગ, કોમ્પ્યુટર બેઝિક, CIC, CCC, કાર ડ્રાયવિંગ, ઈંગ્લીશ, ઈમ્પ્રુવેમેંન્ટ, ઈંગ્લીશ સ્પિકીંગ કોર્ષ વગેરે કોર્ષનું શિક્ષણ વેકેશન દરમ્યાન આપવામાં આવે છે. જેમાં સમગ્ર પેટલાદ અને પેટલાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ સારો એવો લાભ લે છે.

### -: વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના વેકેશન દરમ્યાન ચાલેલ કોર્ષની વિગત :-

| કોમ્પ્યુટર કોર્ષ જેમાં | વિદ્યાર્થીની સંખ્યા | વિદ્યાર્થી દીઠ કોર્ષની ફી |
|---|---|---|
| M.S. Office with Internet. | ૩૧ વિ. | ૮૦૦ રૂા. |
| શિક્ષણનો સમય ગાળો : તા. ૨૧-૪-૨૦૦૮ થી ૧૫-૬-૨૦૦૮ | | |
| English Empoverment | ૧૬ વિ. | ૪૦૦ રૂા. |
| શિક્ષણનો સમય ગાળો : તા. ૨૧-૪-૨૦૦૮ થી ૧૫-૬-૨૦૦૮ | | |
| Car Driving with LMV Licence | ૦૩ વિ. | ૧૮૦૦ રૂા. |

## પિતા

માતા ઘરનું ગૌરવ હોય છે.
તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે.
માતા પાસે અશ્રુધારા તો
પિતા પાસે સંયમ હોય છે.
બે સમયનું ભોજન માતા બનાવે છે
તો જીવનભર ભોજનની વ્યવસ્થા કરવાની જવાબદારી પિતાની છે.

જ્યારે પગમાં વાગે કાંટો તો 'ઓહમાં' બોલાય છે. પરંતુ રસ્તો પાર કરતા કોઈટ્રક પાસે આવીને બ્રેક મારે ત્યારે તો 'ઓહ, બાપરે' શબ્દ બોલી જવાય છે. નાની નાની મુશ્કેલી પડતા માતા યાદ આવે જ્યારે મોટી મુશ્કેલી આવી પડતા બાપ જ યાદ આવે છે.

પિતા એક વટવૃક્ષ છે, જેની શીતળ છત્રછાયામાં સંપૂર્ણ પરિવાર સુખથી રહે છે.

સોલંકી સુરેશ બી. એમ-એ-૧

## Strange But True

Nepolian Was born in1760
Hitlar in 1884
The difference is 129 years

Nepolian cam to Power in 1804,
Hitlar in 1933,
The difference is 129 years.

Nepolian Occupied vienna in 1809.
Hitlar in 1938.
The difference is 129 years.

Nepolian took over Russia in 1882,
Hitlar in 1941.
The difference is 129 years.

Nepolian was defeated in 1816.
Hitlar in 1945.
The difference is 129 years.


Joshi Ravi Jayeshbhai T.Y.B.A. Roll No. 64

## ચાલશે

નજરથી નજર ના મિલાવી શકો
તો વાંધો નહિં
સામું જોશો તોપણ ચાલશે,
હાથોમાં હાથ ન મિલાવી શકો
તો વાંધો નહિં
પાસે ઊભા રહેશો તોપણ ચાલશે,
રોજ મળવાનું શક્ય ન હોય
તો વાંધો નહિં
સામે ભટકાઈ જશો તો પણ ચાલશે,
ભલે બોલી ન શકો અમારી સાથે
તો વાંધો નહિં
મૌન રહેશો તોપણ ચાલશે
એકાંતમાં ન મળી શકો
તો વાંધો નહિં
સ્વપ્નમાં આવશો તોપણ ચાલશે,
વિશ્વાસ ન રાખો અમારી પર
તો વાંધો નહિં
''અવિશ્વાસ' રાખશો તોપણ ચાલશે.''

પરમાર લક્ષ્મીબેન ગાંગાભાઈ ટી.વાય.બી.એ. રોલ નં. ૨૪

## શ્રદ્ધા



શ્રદ્ધા એટલે જીવન
શ્રદ્ધા એટલે આત્મવિશ્વાસ
શ્રદ્ધા એટલે ઈશ્વર
શ્રદ્ધા એટલે કાર્ય
શ્રદ્ધા એટલે ધ્યેય
શ્રદ્ધા એટલે વિશ્વાસ
શ્રદ્ધા એટલે ભરોસો
શ્રદ્ધા એટલે પ્રભુ
શ્રદ્ધા એટલે અલૌકિક-આનંદ
શ્રદ્ધા એટલે અહેસાસ
શ્રદ્ધા એટલે મંજિલ
શ્રદ્ધા એટલે હૃદય
શ્રદ્ધા એટલે જીવનનું અંગ
શ્રદ્ધા એટલે જીવનનું બળ
શ્રદ્ધા એટલે જોમ-જુસ્સો
શ્રદ્ધા એટલે બીજાનાં પરનો વિશ્વાસ




પરમાર લક્ષ્મીબેન ગાંગાભાઈ ટી.વાય.બી.એ. રોલ નં. ૨૪

## કોને ખબર

રિવાજો સાવ નોંખા હશે
કોને ખબર
રસમો અહીં જુદી હશે
કોને ખબર
સંબંધો બધા જુદા હશે
કોને ખબર
લાગણીઓ સાવ કોરી હશે
કોને ખબર
કાગળો સાવ કોરાં હશે
કોને ખબર
આંસુઓ સાવ ફિક્કાં હશે
કોને ખબર
સત્ય સાવ સાચું હશે
કોને ખબર
અસત્ય સાવ ખોટું હશે
કોને ખબર
એમનો પ્રેમ સાવ સાચ્ચો હશે
કોને ખબર
''મિત્રો''સાવ બોદા નિકળશે
કોને ખબર

પરમાર લક્ષ્મીબેન ગાંગાભાઈ ટી.વાય.બી.એ. રોલ નં. ૨૪

## કૃષ્ણ



કૃષ્ણ એટલે કાળિયો
કૃષ્ણ એટલે કામણગારો
કૃષ્ણ એટલે ગોવાળિયો
કૃષ્ણ એટલે કપટી
કૃષ્ણ એટલે ધુતારો
કૃષ્ણ એટલે કાનુડો
કૃષ્ણ એટલે શ્યામ
કૃષ્ણ એટલે ભરથાર
કૃષ્ણ એટલે નાથ
કૃષ્ણ એટલે સ્વામી
કૃષ્ણ એટલે નંદકિશોર
કૃષ્ણ એટલે ક્રિષ્ન-કનૈયો
કૃષ્ણ એટલે મુરલીધર
કૃષ્ણ એટલે રાધનો-શ્યામ
કૃષ્ણ એટલે જશોદાનો માડિજાયો
કૃષ્ણ એટલે સુદામાનો દોસ્ત
કૃષ્ણ એટલે સૃષ્ટિનો સર્જનાર
કૃષ્ણ એટલે આપણાં સૌનો તારણહાર

પરમાર લક્ષ્મીબેન ગાંગાભાઈ ટી.વાય.બી.એ. રોલ નં.

## તમન્ના

નથી આ કોઈ અકસ્માત
એક જ દિનની છે આ વાત
નથી આ કોઈ ચમત્કાર
એક જ ક્ષણની આ દષ્ટિ
નથી આ કોઈની દિવાનગી
એક જ દિલની છે આ અભિલાષ
નથી આ કોઈનું દર્દ
એક જ 'તુલસી' ની છે આ તૃષ્ણા
નથી આ કોઈ મિલન
એક જ વિરહની છે આ વ્યથા
નથી આ કોઈ જન્મ
એક જ મૃત્યુની છે આ ઈચ્છા
નથી આ કોઈ 'અંશ'
એક જ અનુભવની છે આ 'તમન્ના'
નથી આ કોઈ દુર્ઘટના
એક જ જીવનની છે આ ઝંખના
નથી આ કોઈ મધુવન
એક જ રણની આ મૃગજળ

તુલસી પી. પટેલ એસ.વાય.બી.એ.

**સમાજમાં સારા દેખાવા નહિં,**
**પરંતુ સારા બનવા પ્રયત્ન કરવો.**
**ઘરમાં પાપનો પૈસો પણ પેસી જશે તો**
**પુણ્યનાં બધા જ પૈસા ખેંચી જશે.**

## પ્રેમની શક્તિ

પ્રેમ પલાયનતા નહીં
પ્રેમ ઉજાડવાનું નહીં
પણ ઉગાડવાનું શીખવાડે છે.
પ્રેમમાં છે એવી અનોખી શક્તિ
કે દરેક જીવનમાં તે આત્મીયતા જગાડે છે.
પ્રેમ સતત હિંમત અને પ્રેરણા આપી હતાશાને
જડમૂળમાંથી ઉખાડે છે.
પ્રેમમાં ભલે અસ્તિત્વ જમીન હોય,
પણ મનને કલ્પનાઓના ગગનમાં ઊડાડે છે.
પ્રેમને હોય છે શ્રધ્ધાનો સથવારો,
જે સૌ કોઈના જીવનમાં ચેતના જગાડે છે.

## પ્રેમમાં પડશો નહીં

બધે જ પડજો પણ પ્રેમમાં પડશો નહીં,
ન જો પડો તો પછી રોદણાં રડશો નહીં
પ્રેમ જેવું છે નહીં, છે બધા લાગણીવેડા
ઈશ્કની ગઝલના સ્વાદે ચડશો નહીં,
પ્રેમિકા સુખેથી ખાતી હશે ગાજર હલવો,
તમે વિરહમાં અમથા ભૂખે મરશો નહીં
કામ કઢાવવામાં નુસખાં ઘણાં હોય છે,
દરેક મીઠા સ્મિતને પ્રેમ ગણશો નહીં
ભણશો ને ગણશો તો જ સુખ પામશો,
નહીંતર પછી મફતમાંય ખપશો નહીં,

- શ્રધ્ધા એ.પટેલ, એસ.વાય.બી.એ.

## નેતૃત્વ - LEADER SHIP

1) L = Legerums મહેનતુ
2) E = Education શૈક્ષણિકજ્ઞાન
3) A = Adjustable સમાધાનકારી
4) D = Disciplin શિસ્ત
5) E = Emotional ભાવનાત્મક
6) R = Respect માન આપે તેવા
7) S = Silence શાંત સ્વભાવ
8) H = Honest પ્રામાણિક
9) I = Intslusing power પાવર
10) P = Personality વ્યક્તિત્વ

માત્ર વ્યક્તિગત સ્વાર્થ માટે નહિ પરંતુ સમાજના હિતના હેતુ માટે કાર્ય કરે છે તેને નેતા કહે છે. રાષ્ટ્રનું સ્તર ઊંચુ લાવવાનો આધાર નેતા પર રહે છે. જો નેતાના ગુણો સારા હોય તો રાષ્ટ્રનો દરજ્જો ઊંચો રહે છે અને તે રાષ્ટ્રમાં સન્માનિત રહે છે. જે નેતામાં કાર્ય કરવાની શક્તિ નથી હોતી ને રાષ્ટ્રનું સ્તર નીચું લાવે છે. તેથી રાષ્ટ્રનું સ્તર ઊંચું લાવવા નેતામાં સારા ગુણ હોવા જોઈએ.

- [illegible] જે. જોષી, ટી.વાય.બી.એ. [illegible]

## ક્રિસમસ ટ્રીનો રસપ્રદ ઈતિહાસ

ક્રિસમસ ટ્રી એટલે નાતાલનું પ્રતીક અને ઉત્સવની શોભા દરેક ખ્રિસ્તી પરિવારમાં નાતાલના ઉત્સવમાં નાતાલ વૃક્ષ તો બનાવવામાં આવે જ ! નાતાલની ઉજવણી નાતાલ વૃક્ષની પરંપરા ૧૬મી સદીમાં જર્મનીમાં શરૂ થઈ હતી. દરેક સંસ્કૃતિના તહેવારો અને ઉત્સવોમાં વનસ્પતિને સ્થાન હોય છે, બારેમાસ લીલુ રહેતુ ફળનું વૃક્ષ જર્મનીમાં શ્રધ્ધાનું પ્રતીક તે જમાનામાં નાતાલ દરમિયાન દેવળના આંગણામાં ફળનું વૃક્ષ બનાવી તેમાં રોશની તેમજ વિવિધ વાનગીઓ ટીંગાડી શણગારવામાં આવતું. સમય જતા તે ઘરે ઘરની શોભા બની ગયું, ૧૯મી સદીમાં યુરોપના રાજમહેલોમાં પણ તેની પ્રથા શરૂ થઈ. ઈ.સ. ૧૮૩૨માં ક્વીન વિક્ટોરીયાના બાળપણમાં પણ બ્રિટનના રાજમહેલમાં ક્રિસમસ ટ્રીની પ્રથા શરૂ થયાનું કહેવાય છે. જર્મની વસાહતીયો આ પ્રથાને અમેરિકામાં લઈ ગયા. કાળક્રમે ક્રિસમસ ટ્રીની પરંપરા આધુનિક બનવા લાગી. આજે નાતાલ દરમિયાન ખ્રિસ્તી બાળકો ઘરમાં રંગીન કાગળો કે અન્ય વસ્તુઓનું નાતાલ વૃક્ષ બનાવી તેમાં રોશની ટીકવી પાંદડે પાંદડે ચોકલેટ કે કેન્ડી લટકાવી શણગારે છે.

- શ્રધ્ધા એ. પટેલ, એસ.વાય.બી.એ.

## About College

જીવનમાં બે પ્રકારના માણસો હોય છે. (૧) ખાવા માટે જીવતા હોય છે અને (૨) જીવવા માં માટે ખાતા હોય છે.

મારા મત પ્રમાણે આ બંને માંથી કોઈ એક પસંદ કરવું જોઈએ. જીવવા માટે જ ખાવુ હોય તો પોતાનો ધ્યેય બનાવો. પોતાના જ પગ ભર ઉભુ રહેવુ હોય તો મહેનત + બુધ્ધિને મહત્વ આપી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ કરવું હોય તો પોતાનો પંથ બનાવો. એક કહેવત મને યાદ આવે છે કે

" Learn From the Past, Plan for the future and, Live in the present."

વર્તમાન સમયમાં કોલેજમાં લોકો બે રીતે આવતા હોય છે. એક એવા લોકો જે કોલેજને ફરવાનું સ્થાન માને છે અને બીજા એવા લોકો જે પોતાની કેરીયર બનાવવા માટે આવતા હોય છે, એક કહેવત છે કે,

" Student life is the best life "

આ વાક્ય એ દર્શાવે છે કે વિદ્યાર્થીએ અભ્યાસને જ પ્રથમ કર્તવ્ય માનીને બાકીની બીજી પ્રવૃત્તિ કરવી જોઈએ, તેને મન લગાવીને ભણવું જોઈએ.

કોલેજમાં આવનાર વિદ્યાર્થીની બાહ્ય દેખાવ કરતા આંતરિક દેખાવ વધારે હોવા જોઈએ, આંતરિક દેખાવ જેટલો સક્ષમ હશે તે જ બહાર આવશે, આથી બાહ્ય દેખાવને મહત્વ ઓછું આપવું જોઈએ, મહાશાળા એ એવી સીડી છે જે આપણું કેરીયર બનાવવામાં મદદરૂપ થાય છે.

- પ્રજાપતિ વર્ષા-ટી.વાય.બી.એ.

## પાંચ ચીજો ઘણી દુર્લભ છે.

**૧) દાન આપવાની શક્તિ :** પૈસા આપવા કોઈ મોટી વાત નથી પરંતુ આપવાની શક્તિ હોવી જોઈએ. કંજૂસ વ્યાજ પર વ્યાજ લઈ લઈને, સાચવી સાચવીને તથા અંતે છોડીને મરે છે. ભગવાનની કૃપા હોય ત્યારે આપવાની શક્તિ આવે છે.

**૨) પ્રિય બોલવાની શક્તિ :** આ પણ ઘણી દુર્લભ ચીજ છે. જે કોઈની પણ સાથે મીઠી વાત ન કરતી હો એ અશાંત વ્યક્તિ બધાના પ્રેમની પાત્ર બને છે. લોકોને મળતી વખતે જે પોતે જ વાતની શરૂઆત કરે છે. અને સૌની સાથે પ્રસન્નતાપૂર્વક બોલે છે. એના પર બધા પ્રસન્ન રહે છે. જે મધુર વચન બોલે છે, બીજાને માન આપે છે, એનો આંતરિક આનંદ વધી જાય છે. તું તડાકો કરીને જે બીજાને નીચા દેખાડે છે એ જીવતા શીખ્યો જ નથી. અહંકારયુક્ત માનસિકતા. શુષ્કતા ન રાખો અને અહંકારયુક્ત વાણી ન બોલો, પ્રેમ-નમ્રતા તથા નિસ્વાર્થતાયુક્ત અને સારગર્ભિત વાણી બોલો. પોતે અમાની રહો. બીજાને માન આપો.

ऐसी वाणी बोलिये, मन का आपा खोय ।
औरन को शीतल करे, आपहुं शीतल होय ॥

જો સહાય સુંદર રીતે, સાંત્વતાપૂર્ણ, મધુર અને સ્નેહયુક્ત વચનો બોલવામાં આવે તો એના જેવું વશીકરણનું સાધન સંસારમાં બીજું કોઈ નથી. પરંતુ આ પણ સદાય સ્મરણ રહેવું જોઈએ કે પોતાના દ્વારા કોઈનું શોષણ ન થાય. મધુર વાણી એની જ સાર્થક છે જે પ્રાણીમાત્રનો હિતચિંતક છે.

**૩) સહનશક્તિ :-** સાસુએ કંઈ કહી દીધું, વહુએ ભાઈએ, પુત્રએ કંઈ કહી દીધું, અથવા દુશ્મને કંઈ સંભળાવી દીધું, તો ઉદ્વિગ્ન ન થવું, ધૈર્ય રાખવું. પછી એને સમજાવ્યું કે 'આ આમ નહિ, તેમ છે.' આ કરનાર વ્યક્તિ ખૂબ પ્રભાવશાળી બનશે.

**૪) નિરપેક્ષતા :-** અમને કોઈનાથી કંઈ નથી જોઈતું જેટલી નિરપેક્ષતા આવશે એટલો મનુષ્ય બ્રહ્મત્વમાં જલદી જાગશે. અપેક્ષા જ વ્યક્તિને બ્રહ્મ પરમાત્માથી દૂર રાખે છે.

**૫) પાપથી પોતાની રક્ષા :-** ચુગલી, નિંદા અને અશૃધ્ધ આહારથી અર્થાત્ પાપજનક આહાર તથા પાપજનક વ્યવહારથી પોતાની રક્ષા કરવી. વાસ્તવમાં જીવ પોતે નિષ્પાપ છે. વાસ્તવમાં તમે બ્રહ્મ-પરમાત્માના અવિભાજય અંગ છો, શૃધ્ધ છો, પરંતુ અશૃધ્ધ વાસનાઓ સાથે મળીને અશૃધ્ધ થઈ જાઓ છો, અશૃધ્ધ કર્મો કરીને અશૃધ્ધ થઈ જાઓ છો, આથી

પરમાત્મા-પદમાં રુચિ થઈ જાય... આ રુચિ કેવી રીતે થાય ? વારંવાર એમનું નામસ્મરણ કરો. એમના ગુણગાન કરો, એમને જ પ્રીતિ કરો.

જો જીવનમાં આ પાંચ સદ્ગુણો આવી જશે તો બ્રહ્મતત્ત્વમાં પ્રતિષ્ઠિત કરવામાં રત મહાપુરુષ આપણને હસતાં-રમતાં બ્રહ્મસુખમાં, ઈશ્વરીય સુખમાં લઈ જઈ શકે છે.

- પટેલ અર્ચના.એ. - ટી.વાય.બી.એ.

## સર્વ જોઈએ છે.

સર્વને જોઈએ છે સ્વર્ગ, પણ મરવું કોઈને નથી.
સર્વને જોઈએ છે સુખ-શાંતિ,
પણ દુઃખ ભોગવવું કોઈને નથી.
સર્વને જોઈએ છે માન,
પણ માન આપવું કોઈને નથી.
સર્વને જોઈએ છે નમણી નાર,
પણ જીવનભર નિભાવ કરવો કોઈને નથી.
સર્વને જોઈએ છે સફળતા,
પણ ભૂલો સુધારવી કોઈને નથી.
સર્વને જોઈએ છે અપાર લક્ષ્મી,
પણ સંતોષ રાખવો કોઈને નથી.
સર્વને જોઈએ છે સત્ય,
પણ અસત્ય છોડવું કોઈને નથી.
સર્વને જોઈએ છે નોકરી,
પણ ભણવું કોઈને નથી.
આ છે સાંપ્રત સમયની તસવીર,
જે ભૂલવું જોઈએ નહીં.

- પટેલ અર્ચના એ-ટી.વાય.બી.એ.

## પરીક્ષા, ક્રિકેટની પરિભાષામાં...



પરીક્ષા.....ક્રિકેટની ટ્રેસ્ટ મેચ
પરીક્ષા ખંડ......સ્ટેડિયમ
પ્રશ્નપત્ર.....પીચ
પેન......બેટ
વિદ્યાર્થી.....બેટસમેન
સુપરવાઈઝર......વિકેટકીપર
પરીક્ષક..... અમ્પાયર
માર્કશીટ.....સ્કોર બોર્ડ
વિચારીને સાચો જવાબ લખવો.....
ચોક્કો-છક્કો
ઉતાવળે જેમ તેમ જવાબ લખવો.....
એક બે રન
જવાબ ન આવડવો.....કલીન બોલ્ડ
કાપલી પકડાઈ જવી.....કેચ આઉટ
ગેરરીતિ કરતાં પકડાઈ જવું.....રન આઉટ
૩૫ ટકા ગુણ મેળવવા.....મેચ ડ્રો
નાપાસ થવું.....મેચ હારી જવી
પાસ થવું...... મેચ જીતી જવી
દરેક વિષયમાં પ્રથમ આવવું.....
મેન ઓફ ધી મેચ
પ્રથમ નંબરે પાસ થવું.....મેચ ઓફ ધી સીરીઝ

- પટેલ અર્ચના એ-ટી.વાય.બી.એ.

## વિશિષ્ટ ભારત

* ભારત લોકશાહી દેશોમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે.
* ભારતની ઉત્તરે આવેલ હિમાલય પર્વત વિશ્વનો ઉંચો પર્વત છે.
* ભારત જગતનો એક મોટો ટ્રીપકલ્પ છે.
* ભારત વિશ્વમાં વસ્તીની દષ્ટીએ બીજો અને ક્ષેત્રફળની દષ્ટીએ સાતમાં નંબરે છે.
* પ્રાચીન સમયમાં દુનિયામાં જે અલ્પ સ્થળોએ સંસ્કૃતિ વિકસી હતી. તેમાંનુ એક ભારત પણ છે.
* ભારતમાં આવેલ અજંટા-ઈલોરાની ગુફાઓ ચિત્ર, શિલ્પ અને સ્થાપત્યકલાની દષ્ટીએ બેનમુન છે.
* ભારતમાં આગ્રાનો તાજમહેલ જગતની એક સુંદર ઈમારત છે.
* અહિંસક સત્યાગ્રહ દ્વારા ગાંધીજીની નેતાગીરી હેઠળ ભારતે સ્વતંત્રતા મેળવી હતી.
* શેરડી, ચા, કેરી, અફીણ, તેજાના, મગફળી, પપૈયા, લાખ, સુતરાઉ કાપડ, ગળીના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે ભારત છે.
* શણ, અબરખ, કપાસિયા તેલ, ચોખા, તમાકુના ઉત્પાદનમાં બીજા ક્રમે છે.
* દુનિયાના કુલ લોખંડનો ચોથોભાગ ભારત પાસે છે.
* દુનિયાનો સૌથી વધુ વરસાદ ભારતના ચેરાપુંજીમાં પડે છે.
* ભારતમાં બીજાપુરાનો ગોળગુંબજ વિશ્વનો મોટો ગુંબજ છે.
* રામેશ્વર મંદીરની પરસાળ ૪૦૦૦ ફુટ લાંબી છે.
* તામીલનાડુના મિનાક્ષી મંદિર ને ૧૦૦૦ થાંભલા છે.
* કર્ણાટકના ગોમટેશ્વર ખાતે આવેલ મહાબલીની મૂર્તિ ભારતમાં સૌથી ઉંચી ૫૭ ફુટ છે.
* ભારતમાં વિશ્વનું સૌથી મોટુ ટપાલતંત્ર છે.

- જોષી રવિ જયેશભાઈ-ટી.વાય.બી.એ.નં.૬૪

## નદીઓ લંબાઈ (કી.મી.માં)

| નામ | સ્થળ | લંબાઈ(કી.મી.) |
|---|---|---|
| ૧) નાઈલ | આફ્રિકા | ૬,૬૯૦ |
| ૨) મિસિસિપી-મિસુરી | યુ.એસ.એ. | ૬,૨૪૦ |
| ૩) યાંગત્સે | ચીન | ૫,૭૯૭ |
| ૪) ઓબ | રશીયા | ૫,૫૬૭ |
| ૫) યેનિસ | રશીયા | ૪,૫૦૬ |
| ૬) હોઆંગહો | રશીયા | ૪,૬૬૭ |
| ૭) લાપ્લાટા | ચીન | ૪,૫૦૦ |
| ૮) કોંગો (ઝૈર) | દ.અમેરિકા | ૪,૩૭૧ |
| ૯) લીના | આફ્રિકા | ૪,૨૬૮ |
| ૧૦) એમેઝોન | બ્રાઝીલ | ૬,૨૯૬ |
| ૧૧) મેકેઝી | કેનેડા | ૪,૨૪૧ |
| ૧૨) નાઈઝર | આફ્રિકા | ૪,૧૮૪ |
| ૧૩) આમુર | રશિયા | ૩,૯૪૬ |
| ૧૪) મરે ડાર્લિંગ | ઓસ્ટ્રેલિયા | ૨,૭૩૯ |
| ૧૫) વોલ્ગા | રશિયા | ૩,૬૮૭ |
| ૧૬) ઝામ્બેઝી | આફ્રિકા | ૨,૭૩૬ |
| ૧૭) સેન્ટ લોરેન્સ | ઉ. અમેરિકા | ૩,૦૫૮ |
| ૧૮) ડાન્યુબ | યુરોપ | ૨,૮૪૨ |
| ૧૯) બ્રહ્મપુત્ર | તિબેટ / ભારત | ૨,૮૯૭ |
| ૨૦) સિંધુ | ભારત-પાકિસ્તાન | ૨,૮૯૭ |
| ૨૧) ગંગા | ભારત | ૨,૫૦૬ |

- જોષી રવિ જયેશભાઈ-ટી.વાય.બી.એ.નં.૬૪

## જાણવા જેવું.

- ભારતનું પ્રથમ ન્યુઝ પેપર ૧૬ ઓગસ્ટ ૧૯૮૬ અને કોલકતા થી છપાયુ હતું.
- ભારતીય રૂપિયાનું સૌ પ્રથમ 'રૂપિયો' નામકરણ ઈ.સ. ૧૫૪૧ માં શેરશાહ સુરીએ કર્યું હતું.
- ભારતના લક્ષદ્વીપ માં એકપણ હિંદુ મંદિર નથી.
- રામાયણ માં ૨૪૦૦ ચોપાઈ છે.
- ભારતમાં તાજમહેલ સૌથી સુંદર ઇમારત છે.
- પીટર ધ ગ્રેટે ૧૫ મી સદી માં દાઢી પર કર લગાવ્યો હતો.
- સાનમારીનો દેશમાં બે રાષ્ટ્રપતિ છે.
- દક્ષિણ આફ્રિકાની આર્થાસ ટેકરી દરરોજ પોતાનો રંગ બદલે છે.
- ચીનના સિંગનાઈંગ ચુ શહેરમાં ધુમ્મસને કારણે પાંચ સૂર્ય દેખાય છે.
- હેમરહાસ્ટ (નોર્વે) માં બે મહિનાનો દિવસ હોય છે.

- જોષી રવિ જયેશભાઈ-ટી.વાય.બી.એ.નં.૬૪

## જાણવા જેવું.

૧) સહતુત ના ફળ ને છાલ તથા બીજ હોતા નથી.

૨) ગુલર ના ફુલ ફૂળની અંદર થાય છે.

૩) બધા પાકથી જલદી તૈયાર થતો પાક મકાઈ છે.

૪) શેરડીના પાક ને વાવવા માટે બીજનો ઉપયોગ કરવામાં આવતો નથી.

૫) બધાજ વૃક્ષોમાં સૌથી લાંબુ વૃક્ષએ યુટેલિપ્ટસ નુ હોય છે. જેની લંબાઈ ૧૦૦ મીટર જેટલી હોય છે.

૬) વિશ્વનું સૌથી મોટુ વૃક્ષ 'શિકાયા વૃક્ષ' છે. જેનું વજન ૨૫૦૦ ટન જેટલું છે.

૭) બધા વૃક્ષોમાં સૌથી ઝડપી વધતુ વૃક્ષ વાંસ છે.

૮) છોડ ના મૂળનો ભાગ સજીવ હોય છે.

૯) બધાથી મોટુ ફુલ 'રફલેશિયા' છે. જેનું વજન આશરે ૧૦ કીલોગ્રામ છે.

૧૦) ભારતની પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફિસ ૧૬-ઓગષ્ટ, ૧૯૮૬ માં બેંગલોરમાં સ્થપાઈ હતી.

- જોષી રવિ જયેશભાઈ-ટી.વાય.બી.એ.નં.૬૪

## અમૂલ્ય તક

આ નાતો છે કેવો
આ સંગ છે કેવો,
વર્ષો વિત્યા પણ આ
જગ્યા જાણે બની મારી
અહીંના લોકો બન્યા મારા
મારા સુખ દુખના સાથી
મારા ગુરૂ મારા મિત્રો
અને મારી આ કોલેજ
જીંદગીનો અજોડ નાતો
ભલે લગ્ન હોય પણ
પહેલી પ્રિય તો મારી કોલેજ
અમૂલ્ય છે અને અતૂટ છે
એક-એક પણ માટી
એના વગર માટી સૂની છે
એક દિવસની રજા જાણે
બની મારે માટે સજા
અહીંનો રંગ, અહીંનો સંગ
અહીંની પ્રીત, અહીંનો નાતો
તુટેના તુટે હવે લાગે છે-
બીક, હવે શું થશે આગળ,
જીંદગીનો આગળ થંભવાની
નથી, પણ આ અમૂલ્ય
તક છે જીંદગીનો
જીવે તે સૌ જાણે...


ઉજમા આઈ. મેમણ
એમ.એ., રોલ નં. ૭૦

**ફૂલને ખીલવા દો. મધમાખી પોતાની જાતેજ તેની પાસે આવશે. ચારિત્ર્યશીલ બનો. વિશ્વાસ જાતે જ તમારા પર મુગ્ધ થઈ જશે.**
**– રામકૃષ્ણ પરમહંસ**

**મને સ્વર્ગની પૃથ્વી સુધી લઈ આવનાર માતાપિતા છે. પણ પૃથ્વીથી આકાશ સુધી લઈ જનાર મારા ગુરુજી છે.**


## વર્ષ : ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન કોલેજમાં અભ્યાસોત્તર પ્રવૃત્તિઓની બોલતી તસ્વીરો


ડિઝાસ્ટર તા. ૧૮-૯-૨૦૦૭



ડિઝાસ્ટર તા. ૧૮-૯-૨૦૦૭
આકસ્મિક હોનારત સમયે તાત્કાલિક સારવાર અને ઉપચારનો જીવંત ડેમોસ્ટ્રેશન


નવરાત્રી મહોત્સવ-૨૦૦૭



ઉત્થાન અંકનું વિમોચન તા. ૧૨-૧૦-૦૭




થલ સૈનિક કેમ્પ હાજર રહેલ કેડેટસનું બહુમાન-N.S.S.
તા. ૧૨-૧૦-૦૭



સહકાર અર્થશાસ્ત્ર તા. ૧૨-૧૦-૨૦૦૭




N.S.S. શિબિર ઉદ્‌ઘાટન ૨૦૦૭-૦૮ ભાટીયેલ



N.S.S. શિબિર-૨૦૦૭-૦૮
ભાટીયેલ - સાંસ્કૃતિ કાર્યક્રમ




બોટનીકલ ટૂર - રતનમહાલ તા. ૧ થી ૩ જાન્યુઆરી-૨૦૦૮




IT અને હાયર એજ્યુકેશન ઉપર સેમિનાર
મુખ્ય મહેમાન : વડોદરના મહારાજ સયાજીરાવ ગાયકવાડ




NACC કમિટિની પિયરટીમના વિદ્વાનોની
કોલેજ ગ્રંથાલયની મુલાકાત.



Women's Development Cell (WDC)
Gujarat University

વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં શ્રી આર. કે. પરીખ આર્ટસ સાયન્સ કોલેજ ના જુદા જુદા વર્ગના જુદા જુદા વિષયમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની યાદી


| ક્રમ | ક્લાસ | વિદ્યાર્થીનું નામ | વિષય | મેળવેલ ગુણ | મેળવેલ વર્ગ | પરીક્ષા નં. |
|---|---|---|---|---|---|---|
| 1 | F.Y.B.A. | DESAI PRAGNESHKUMAR S. | ECO PSY COM | 444/700 | FIRST | 5749 |
| 2 | F.Y.B.A. | PARMAR KRUPALIBEN M. | GUJ SOC SAN | 444/700 | FIRST | 19247 |
| 3 | F.Y.B.A. | DALWADI HETAL SURESHBHAI | ECO SOC SAN | 465/700 | CLASSFIRST | 19274 |
| 4 | F.Y.B.SC. | PATEL CHIRAGBHAI ASHWINBHAI | PH/CH/ME | 605/1000 | FIRST | 4181 |
| 5 | F.Y.B.SC. | PATEL DHARMESHKUMAR PARESHBHAI | PH/CH/ME | 606/1000 | FIRST | 4183 |
| 6 | F.Y.B.SC. | PATEL YOGESHKUMAR ARVINDBHAI | PH/CH/ME | 636/1000 | FIRST | 4190 |
| 7 | F.Y.B.SC. | PATEL MAULIKKUMAR J. | PH/CH/ME | 661/1000 | FIRST | 4185 |
| 8 | F.Y.B.SC. | BHOI JIGNESH ISHWARBHAI | PH/CH/ME | 676/1000 | FIRST | 4177 |
| 9 | F.Y.B.SC. | PATEL MEHULKUMAR NAVINCHANDRA | PH/CH/BI | 686/1000 | FIRST | 4199 |
| 10 | F.Y.B.SC. | PATEL HARDIKKUMAR VINODBHAI | PH/CH/ME | 692/1000 | FIRST | 4184 |
| 11 | F.Y.B.SC. | PATEL SAGARKUMAR B. | PH/CH/ME | 692/1000 | FIRST | 4188 |
| 12 | F.Y.B.SC. | PATEL VAIBHAVKUMAR ATULBHAI | PH/CH/ME | 694/1000 | FIRST | 4189 |
| 13 | F.Y.B.SC. | PATEL NIMITABEN SURYAKANT | PH/CH/BI | 699/1000 | FIRST | 4200 |
| 14 | F.Y.B.SC. | PATEL NIMESHKUMAR R. | PH/CH/ME | 717/1000 | FIRST | 4186 |
| 15 | F.Y.B.SC. | JOSHI HARDIKKUMAR JAYANTIBHAI | PH/CH/BI | 735/1000 | FIRST | 4192 |
| 16 | F.Y.B.SC. | PATEL RAVIKUMAR B. | PH/CH/BI | 740/1000 | CLASSFIRST | 4202 |
| 17 | M.A.-II | PARMAR GIRISHBHAI SHIVABHAI | GUJ | 484 | CLASSFIRST | 23329 |
| 18 | S.Y.B.A | VANKAR BHAVNABEN MANIBHAI | ECO SOC SAN | 430 | FIRST | 4489 |
| 19 | S.Y.B.A | SELOT ANILBHAI BHATHUBHAI | GUJ PSY SAN | 434 | FIRST | 15204 |
| 20 | S.Y.B.A | THAKOR NIKUNJBHAI CHANDUBHAI | GUJ PSY SAN | 437 | CLASSFIRST | 4443 |
| 21 | S.Y.B.A | PATEL BHAVIKABEN PRAMODBHAI | ECO SOC SAN | 461 | CLASSFIRST | 4485 |
| 22 | S.Y.B.A | PARMAR HINABEN ARVINDBHAI | SOC/ECO/SAN | 472 | CLASSFIRST | 4478 |
| 23 | S.Y.B.A | TALPADA MAHESHKUMAR R. | SOC/GUJ/SAN | 495 | CLASSFIRST | 4467 |
| 24 | S.Y.B.SC | MALEK TASMIRABANU JAMIRODDIN | PM | 733/1000 | FIRST | 2783 |
| 25 | S.Y.B.SC | KACHHIYA JALPABEN PUNAMBHAI | PM | 766/1000 | CLASSFIRST | 2824 |
| 26 | S.Y.B.SC | JANI JATINKUMAR RAJENBHAI | CP | 638/1000 | FIRST | 2786 |
| 27 | S.Y.B.SC | GOSAI BHAVESHPURI H. | CP | 652/1000 | FIRST | 2785 |
| 28 | S.Y.B.SC | LUHAR HARDIKKUMAR DINESHBHAI | CP | 688/1000 | FIRST | 2787 |
| 29 | S.Y.B.SC | PATEL SANDIPKUMAR SURESHBHAI | CP | 697/1000 | FIRST | 2792 |
| 30 | S.Y.B.SC | PARMAR VIPULKUMAR RAMANBHAI | CP | 708/1000 | CLASSFIRST | 2790 |
| 31 | S.Y.B.SC | PATEL JAYMINIBEN DHIRUBHAI | CB | 617/1000 | FIRST | 2796 |
| 32 | S.Y.B.SC | VASAVA KALPESH CHHAGANBHAI | CB | 638/1000 | FIRST | 2805 |
| 33 | S.Y.B.SC | DABHI DIPESHKUMAR A. | CB | 653/1000 | FIRST | 2794 |
| 34 | S.Y.B.SC | PARMAR JAGDISHKUMAR K. | CB | 659/1000 | CLASSFIRST | 2795 |
| 35 | S.Y.B.SC | PATEL RESHMABEN GOVINDBHAI | MB | 609/1000 | FIRST | 2819 |
| 36 | S.Y.B.SC | PATEL NEHABEN BHARATBHAI | MB | 627/1000 | FIRST | 2816 |
| 37 | S.Y.B.SC | PATEL NIDHIBAHEN KANUBHAI | MB | 628/1000 | FIRST | 2817 |
| 38 | S.Y.B.SC | VASAVA DILIPBHAI DEVABHAI | MB | 642/1000 | FIRST | 2822 |
| 39 | S.Y.B.SC | PATEL SHITALBEN NAGINBHAI | MB | 658/1000 | FIRST | 2820 |
| 40 | S.Y.B.SC | PATEL YESHABAHEN KANUBHAI | MB | 656/1000 | FIRST | 2821 |
| 41 | S.Y.B.SC | PATEL CHAITALIBEN VINUBHAI | MB | 659/1000 | FIRST | 2814 |
| 42 | S.Y.B.SC | PANDYA BHUMISHA HEMANTKUMAR | MB | 669/1000 | FIRST | 2810 |
| 43 | S.Y.B.SC | PATEL BHUMIKABEN C. | MB | 694/1000 | FIRST | 2813 |
| 44 | S.Y.B.SC | PATEL HIRALBEN BHANUBHAI | MB | 696/1000 | FIRST | 2815 |
| 45 | S.Y.B.SC | MAHANT HIRAL HARSHADBHAI | MB | 708/1000 | FIRST | 2809 |
| 46 | S.Y.B.SC | KA PATEL RUPALBEN M. | MB | 726/1000 | CLASSFIRST | 2808 |
| 47 | T.Y.B.A | SUTHAR BHAVIKABEN NIKHILCHANDRA | SOC | 566 | FIRST | 11130 |
| 48 | T.Y.B.A | VAHORA RAJMINABEN MAHAMDIQBALBHAI | SOC | 578 | FIRST | 11132 |
| 49 | T.Y.B.A | PAREKH ASHISHKUMAR SHAILESHBHAI | SOC | 581 | FIRST | 11108 |
| 50 | T.Y.B.A | BHATIYA KOMALBEN ASHOKBHAI | SOC | 582 | FIRST | 11101 |
| 51 | T.Y.B.A | PATEL ANKITABEN B. | SOC | 603 | CLASSFIRST | 11110 |
| 52 | T.Y.B.A | PRAJAPATI VARSHABAHEN CHANDRAKANT | SOC | 612 | FIRST | 11122 |
| 53 | T.Y.B.SC. | PATEL VAISHALIBEN SHANTILAL | PHY | 686/1050 | FIRST | 2329 |
| 54 | T.Y.B.SC. | TRIVEDI DEVANGINIBEN SURESHCHANDRA | PHY | 711/1050 | FIRST | 2332 |
| 55 | T.Y.B.SC. | SOLANKI PANKAJKUMAR HARISHBHAI | PHY | 714/1050 | FIRST | 2331 |
| 56 | T.Y.B.SC. | PADHIYAR HITESHKUMAR AMBALAL | PHY | 722/1050 | CLASSFIRST | 2328 |
| 57 | T.Y.B.SC. | PATHAN SARIKULLAKHAN NAJIMKHAN | CHE | 632/1050 | FIRST | 2345 |
| 58 | T.Y.B.SC. | RANA MANOJKUMAR RASIKBHAI | CHE | 667/1050 | FIRST | 2346 |
| 59 | T.Y.B.SC. | KAPATEL ARPITKUMAR GHANSHYAMBHAI | CHE | 669/1050 | FIRST | 2336 |
| 60 | T.Y.B.SC. | SHAH NUPUR ASHOKBHAI | CHE | 680/1050 | FIRST | 2347 |
| 61 | T.Y.B.SC. | PATEL HARDIKKUMAR BABUBHAI | CHE | 687/1050 | FIRST | 2340 |
| 62 | T.Y.B.SC. | DAVE HARDIK SATYENDRA | CHE | 709/1050 | CLASSFIRST | 2333 |



COP - કોમ્પ્યુટર



COP - ના અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર સાયન્સની માહિતી આપતા તજજ્ઞો



ગ્રંથાલય વિજ્ઞાનના સેમિનારનું આયોજન
મુખ્ય મહેમાન - ડૉ. જગદીશ અરોરા (Inflibnet)




યુવાનો વિશેનું લેકચર - જય વસાવડા

○ ટી.વી. ઝેર છે એ જાણવા છતાં માણસ પીવે છે કારણ કે ઉપર ગળ્યું લાગે છે પણ જીવન બરબાદ કરી નાંખે છે. જોવા બેસે એટલે મર્યાદા ન રહે એટલે જ પહેલેથી જ ઘરમાં લાવવું નહિ. ○ ટી.વી. જુએ એટલે સમય બગડે, વિદ્યાર્થી હોય તો અભ્યાસ બગડે, લાંબા ગાળે આંખો બગડે, મન બગડે બુધ્ધિ બગડે, ઘરના કામ ઠેલાય ને કજીયા-કંકાસનો પાર નહિ. ○ ટી.વી. લાવો એટલે સમાચાર પુરતુ મર્યાદીત નહીં બધુ જોવાનું થાય ને મર્યાદાનો લોપ થાય, એટલે જ કહ્યું છે ટી.વી. સંસ્કારોનું પતન છે.

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Meter) BOOK POST

To ____________________

____________________

____________________

____________________

From :-
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬